# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૮ ● અંકઃ ૩૫૧ ● તારીખઃ ૨૮.૧૦.૨૦૨૩, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

જાહેરાત, પ્રેસનોટ, ટ્યૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર. મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત.. અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..

**આશાપુરા ન્યૂઝ એજન્સી**

કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર મો.૯૩૨૮૧૦૪૧૮૨


**આજનો સુવિચાર**

આપ કોઈના માટે ખુલ્લી કિતાબ ના બનો, ટાઈમ પાસનો સમય ચાલી રહ્યો છે... જે વંચાઈ જાય તે ફેકાઈ જાય છે!



સાંસદ પૂનમબેન દ્વારા સવા લાખથી વધુ બાળાઓને ગરબીઓમાં લ્હાણી વિતરણ

વાંચો પાના નં. 02



દ્વારકાના ધારાસભ્યનું શિવ શિવ : ચાર કરોડની મર્સીડીઝ મેયબેક લઈને જશે વિધાનસભા

વાંચો પાના નં. 03



જામનગરમાં અમૃત કળશ યાત્રા રથનું સ્વાગત કરી કુમકુમ તિલક કરાયું

વાંચો પાના નં. 04

## વડાપ્રધાન મોદી બે દિવસીય ગુજરાત મુલાકાતે

### આજે પીએમ મોદી લિખિત ગરબા પર વર્લ્ડ રેકોર્ડ થશે



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, નરેન્દ્ર મોદી આગામી ૩૦ અને ૩૧ ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે આવશે. આ દરમિયાન તેમના હસ્તે મહેસાણામાં રૂ.૪૭૭૮ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. મહેસાણામાં તેમના કાર્યક્રમને લઇ તમામ સરકારી બેઠકો રદ કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લાની તમામ કચેરીમાં બેઠક અને અન્ય કાર્યક્રમ પણ રદ કરાયા છે. ઙ્ખ નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈ મહેસાણા વહીવટીતંત્ર એલર્ટ થઈ ગયું છે. ઙ્ખ મોદીના સભા-સ્થળે ૧૦૦થી વધુ ઈઈઝટ કેમેરા લગાવાશે. સભા-સ્થળ, પાર્કિંગ સહિત અલગ-અલગ સ્થળો પર ઈઈઝટ લગાવાશે. સૌપ્રથમવાર ઈઈઝટ કેમેરાથી તંત્ર ચાંપતી નજર રાખશે. કેમેરાનું મોનિટરિંગ કરવા કંટ્રોલરૂમ તૈયાર કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે ઙ્ખ મોદી આગામી ૩૦ ઓક્ટોબરે ખેરાલુના ડભોડામાં સભા સંબોધશે. મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ડભોડા ગામે ૩૦ ઓક્ટોબરે મોદીની સભાનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન રૂ.૪૭૭૮ કરોડનાં વિકાસકાર્યોનાં ખાતમુહુર્ત અને લોકાર્પણ થશે, એવું પૂર્વ ગૃહમંત્રી રજની પટેલે જણાવ્યું હતું. પીએમ મોદી ખેરાલુના ડભોડામાં મહેસાણા, પાટણ, બનાસકાંઠાની સંયુક્ત સભાને સંબોધશે. તેઓ મહેસાણા જિલ્લાની મુલાકાતે આવી રહ્યા હોવાથી ભાજપ કાર્યકરો-આગેવાનોમાં આનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શરદપૂનમના દિવસે રાજકોટમાં ઙ્ખ મોદી લિખિત 'માડી' ગરબાના તાલે ૫ લાખ સ્કવેર મીટર ગ્રાઉન્ડમાં ૨ લાખ વોટની સાઉન્ડ સિસ્ટમ પર કુલ ૧ લાખ કરતાં વધુ ખેલૈયાઓ ગરબે ઘૂમશે. આ કાર્યક્રમનો ગિનીઝ બુક સહિતની જુદી- જુદી બુકમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાશે. આ વર્લ્ડ રેકોર્ડ્સ બ્રેક ગરબાની સાથે ડ્રગ્સમુક્ત રાજકોટ અભિયાન દ્વારા ડ્રગ્સ સામે સરકારની લડાઈમાં સમાજ પણ જોડાશે. આ ડ્રગ્સવિરોધી મહાઅભિયાનની ઝુંબેશનો પણ આ તકે પ્રારંભ કરવામાં આવશે.

## સિંગતેલ સસ્તું થયું તો ડુંગળી રડાવશે

ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળીએ તહેવાર પહેલાં જ લોકોને રડાવ્યા છે. હજુ સિંગતેલના ભાવમાં ઘટાડો થતાં માંડ ગરીબ-મધ્યમ વર્ગની ગૃહિણીઓનાં બજેટ સંતુલિત થયા હતા ત્યારે એક જ અઠવાડિયામાં ડુંગળીનાં ભાવમાં એકાએક વધારો થતાં ફરી બજેટ ખોરવાયા છે. જોકે, આ ભાવવધારો પણ હજુ સ્થિર નથી. જે પ્રકારે મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે તેના પરથી એવા અનુમાનો લગાવવામાં આવી રહ્યા છે કે આવનારા સમયમાં પણ હજુ ભાવવધારો થવાની શક્યતાઓ છે.



માત્ર એક સપ્તાહમાં જ ડુંગળી ડબલ ભાવે વેંચાઈ રહી છે. એક અઠવાડિયા પહેલાં રૂ. ૩૫ની કિલો વેંચાતી ડુંગળી હવે રૂ. ૭૦ની કિલો વેંચાઈ રહી છે. ડુંગળીનાં ભાવવધારાએ ખેડૂતોને તો રાહત આપી છે પણ ગૃહિણીઓના બજેટને વેરવિખેર કરી નાખ્યા છે. જોકે, મિશ્ર વાતાવરણનાં કારણે પાકને નુકસાન જતા આગામી સમયમાં પણ ભાવ વધારો આગળ વધવાની શક્યતા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## તેલંગાણા ચૂંટણીને લઈને અમિત શાહની મોટી જાહેરાત, આ જ્ઞાતિમાંથી બનશે ભાજપનો મુખ્યમંત્રી

તેલંગાણામાં આવતા મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સત્તાધારી ઈછ્જી ફરી એકવાર સરકાર બનાવવાનો દાવો કરી રહી છે. આજે ૨૭ ઓક્ટોબરના રોજ ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત



શાહે શુક્રવારે તેલંગાણાની જનતા સમક્ષ એક મોટી જાહેરાત કરી.

એક ચૂંટણી રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું કે અમે નક્કી કર્યું છે કે જો તેલંગાણામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનશે તો અમે પછાત વર્ગના વ્યકિતને રાજ્યના મુખ્યમંત્રી બનાવીશું.

## જે ડ્રગને ખવડાવીને હિટલરને જીતવું હતું યુદ્ધ, હમાસ પણ કરી રહ્યું છે તેનો ઉપયોગ?

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકોના જીવ ગયા છે. હવે ઈઝરાયેલના મિડીયાના હવાલાથી એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે હમાસના લડાકુ ડ્રગ્સના સેવન કરીને યુદ્ધ લડવા જઈ રહ્યા છે. જણાવવામાં આવી રહ્યુ છે કે, આ ડ્રગ્સ જર્મનીના તાનાશાહ હિટલરના યુદ્ધના સમયે તેમના સૈનિકોને ખવડાવવામાં આવતું હતું. ચાલો જાણીએ શું છે સમગ્ર મામલો.



પેલેસ્ટાઈન અને ઈઝરાયેલની વચ્ચે એક સમયે ઈઝરાયેલી મીડિયામાં દાવો કરવામાં આવ્યો છે કે સંઘર્ષની વચ્ચે મૃત્યુ પામેલા મિલિટેન્ટ્સના ખિસ્સામાંથી કેપ્ટાગન નામના ડ્રગ્સની ગોળીઓ મળી છે. આ ડ્રગને ''કોકીન'' પણ કહેવામાં આવે છે અને તેનું સેવન કર્યા બાદ વ્યક્તિ વધારે અલર્ટ થઈ જાય છે. ભૂખ અને તરસ પણ નથી લાગતી. યુરોપમાં તેને ડિપ્રેશન જેવી બીમારીઓના ઉપચાર માટે તૈયાર કરવામાં આવ્યો હતો, પરંતુ તેના વધારે પડતો ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે.

જણાવી દઈએ કે આ ડ્રગનો ઉપયોગ ખાસ કરીને સીરિયાના આતંકવાદીઓ ગૃહ યુદ્ધ દરમિયાન કરતા હતા. ત્યાં લોકો વર્ષોથી એકબીજાનો વિરોધ કરતા હતા અને ખાણી-પીણીનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં, છોકરાઓ ડ્રગ્સનું સેવન કરીને લડતા હતા. ત્યારબાદ મધ્ય પૂર્વની આસપાસના દેશોમાં તેનો પુરવઠો વધ્યો. આ ડ્રગના વેપારને લઈને સખત કાયદાકીય પગલા લેવા માટે સાઉદી અરબ સહિત ઘણાં દેશોમાં સજા પણ આપવામાં આવી છે.

## ગુજરાતના ST નિગમના કર્મચારીઓ માટે ખુશખબર, સરકાર-યુનિયનની બેઠકમાં નિર્ણય



ગાંધીનગરઃ એસટી નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો ઘણાં સમયથી અનિર્ણાયકતાના કારણે ઝૂલી રહ્યા હતા, પરંતુ ફાઈનલી આ મુદ્દે સુખદ ઉકેલ આવ્યો છે. એસટી નિગમના પડતર પ્રશ્નોને લઈ ચાલી આંદોલન મામલે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી અને યુનિયન વચ્ચે ગાંધીનગરમાં મહત્વની બેઠક મળી હતી.

આ બેઠકમાં ૧૯ જેટલા મુદ્દાઓ પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જેમાં મોંઘવારી ભથ્થુ ઘરભાડું તેમજ ફિક્સ પગાર વધારો, સિનિયર જુનિયર કર્મચારીઓના વેતન તફાવત, બાકી રહેલી ભરતી સત્વરે કરવા જેવા મુદ્દાઓ પર થઈ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રાજ્ય સરકારે એસ.ટી નિગમના કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય લીધો છે. તે મુજબ એસ.ટી નિગમના કર્મચારીઓને બાકી રહેલા એરિયર્સ ૩ હપ્તેથી ચૂકવાશે. જેમાં દિવાળી પહેલા એરિયર્સનો પ્રથમ હપ્તો ચૂકવાશે.

## જિયોએ ભારતનું પ્રથમ સેટેલાઇટ આધારિત ગીગાબાઇટ બ્રોડબેન્ડ રજૂ કર્યું

### જિયો તેના જિયો ફાઇબર, જિયો એર-ફાઇબર અને હવે જિયો સ્પેસ-ફાઇબર થકી સંપૂર્ણ સમાવિષ્ટ બ્રોડબેન્ડ આપી રહ્યું છેઃ જિયો જમીન, હવા, સમુદ્ર અને અવકાશમાં દરેક જગ્યાએ દરેક વસ્તુને જોડશે...

જામનગરઃ વિશ્વના સૌથી મોટા પ્રાઈવેટ મોબાઈલ ડેટા નેટવર્ક રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડે ભારતના અગાઉ અત્યંત દુર્ગમ ગણાતા ભૌગોલિક વિસ્તારોમાં હાઈસ્પીડ બ્રોડબેન્ડ સર્વિસીઝ પૂરી પાડવા માટે ભારતની પ્રથમ સેટેલાઈટ-આધારિત ગીગા ફાઈબર સર્વિસીઝનું સફળતાપૂર્વક નિદર્શન કર્યું છે. જિયોએ શુક્રવારે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં જિયોસ્પેસફાઈબર નામના તેના નવા સેટેલાઈટ બ્રોડબેન્ડની રજૂઆત કરી હતી. આ સેવા સમગ્ર દેશમાં અત્યંત પોસાય તેવા ભાવે ઉપલબ્ધ થશે.




આજે જિયો ૪૫૦ મિલિયનથી વધુ ભારતીય ગ્રાહકોને હાઈસ્પીડ બ્રોડબેન્ડ ફિક્સ્ડ લાઈન અને વાયરલેસ સેવાઓ પૂરી પાડી રહ્યું છે. ભારતમાં દરેક ઘર માટે ડિજિટલ સમાવેશને વેગ આપવા માટે જિયોએ જિયોસ્પેસફાઈબરનો તેની જિયોફાઈબર તથા જિયો એર-ફાઈબરની પ્રીમિયર બ્રોડબેન્ડ સેવાઓની શ્રેણીમાં સમાવેશ કર્યો છે. જિયોના લીધે ગ્રાહકો અને વ્યવસાયોને ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના વિશ્વસનીય, ઓછી વિલંબિતતા સાથેની અને હાઈસ્પીડ ઈન્ટરનેટ તથા મનોરંજન સેવાઓની અભૂતપૂર્વ સગવડ મળી છે. હવે સેટેલાઈટ નેટવર્ક મોબાઈલ બેકહોલ માટે વધારાની ક્ષમતાને પણ સંચાલિત કરશે અને તે દેશના અંતરિયાળ વિસ્તારોમાં જિયો ટ્રુ ફાઈવ-જી ની ઉપલબ્ધતા અને ક્ષમતાને વધુ વિસ્તારશે.

જિયો વિશ્વની અદ્યતન મીડિયમ અર્થ ઓર્બિટ (એમ.ઈ.ઓ.) સેટેલાઈટ ટેક્નોલોજીનો લાભ લેવા માટે એસ.ઈ.એસ. સાથે ભાગીદારી કરી રહ્યું છે, જે એકમાત્ર એમ.ઈ.ઓ. કોન્સ્ટેલેશન છે જે અવકાશમાંથી ખરેખર યુનિક ગીગાબીટ, ફાઈબર જેવી સેવાઓ પૂરી પાડવા માટે સક્ષમ છે. જિયો પાસે એસ.ઈ.એસ.ના ઓ૩બી અને નવા ઓ૩બી એમપાવર ઉપગ્રહોના સંયોજનની ઍક્સેસ છે તે સાથે તે એકમાત્ર એવી કંપની છે જે ગેમ-ચેન્જિંગ ટેક્નોલોજી આપે છે, તે સમગ્ર ભારતમાં વિસ્તારી શકાય તેવું અને સસ્તું બ્રોડબેન્ડ પૂરું પાડે છે, તે ખાતરીપૂર્વકની વિશ્વસનીયતા અને સેવાની સુગમતાના સ્તર સાથે આ ક્ષેત્રે પ્રથમ છે.

તેની તાકાત અને પહોંચ પ્રદર્શિત કરવા માટે ભારતના ચાર અંતરિયાળ સ્થાનો પહેલાથી જ જિયો સ્પેસ ફાઈબર સાથે જોડાયેલા છે, જેમાં ગીર-ગુજરાત, કોરબા-છત્તીસગઢ, નબરંગપુર-ઓડિસા, ઓએનજીસી-જોરહાટ આસામનો સમાવેશ થાય છે.

જિયોએ ભારતમાં લાખો ઘરો અને વ્યવસાયોને પ્રથમ વખત બ્રોડબેન્ડ ઈન્ટરનેટનો અનુભવ કરવા માટે સક્ષમ બનાવ્યા છે. જિયોસ્પેસફાઈબર સાથે અમે હજી સુધી નહીં જોડાયેલા લાખો લોકોને આવરી લેવા માટે અમારી પહોંચને વિસ્તારીએ છીએ, તેમ રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડના ચેરમેન આકાશ અંબાણીએ જણાવ્યું હતું. જિયોસ્પેસફાઈબર દરેકને, દરેક જગ્યાએ, ઓનલાઈન લાવી સરકાર, શિક્ષણ, આરોગ્ય અને મનોરંજન સેવાઓની ગીગાબીટ ઍક્સેસ સાથે નવી ડિજિટલ સોસાયટીમાં સંપૂર્ણ રીતે ભાગ લેવાની અનુકૂળતા ઊભી કરી આપશે.

જિયો સાથે મળીને અમે એક યુનિક સોલ્યૂશન સાથે ભારત સરકારની ડિજિટલ ઈન્ડિયા પહેલને સમર્થન આપવા બદલ ખુશ છીએ, આ ટેક્નોલોજીનો ઉદ્દેશ્ય ભારતમાં કોઈપણ સ્થાને મલ્ટીપલ ગીગાબાઈટ્સ પર સેકન્ડ ઓફ થ્રૂપૂટ પહોંચાડવાનો છે, તેમ એસ.ઈ.એસ.ના ચીફ સ્ટ્રેટેજી ઓફિસર જહોન-પોલ હેમિંગ્વેએ જણાવ્યું હતું. અવકાશમાંથી અમારી પ્રથમ ફાઈબર જેવી સેવાઓ આજે ભારતના કેટલાક વિસ્તારોમાં પહેલાથી જ તૈનાત કરવામાં આવી છે, અને અમે આ ટેક્નોલોજી કેવી રીતે દેશના મોટાભાગના ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ પરિવર્તન લાવે છે તે જોવા પણ ઉત્સુક છીએ.

## જામનગરમાં કાલાવડ નાકા બહાર મકાનમાં આગ ભભુકી









જામનગરમાં કાલાવડનાકા બહાર મોટા પીર ચોક વિસ્તારમાં હોસ્પિટલની પાસે આવેલા મજીદભાઈ મહમદભાઈ બાજરીયાની માલિકીના મકાનમાં ભાડુઆત તરીકે રહેતા યાકુબભાઈ ઈન્દ્રિશભાઈના મકાનમાં બપોરના સમયે શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, અને ઘર વખરી સળગવા લાગી હતી. આગના લબકારાઓને લઈને મકાનમાં રહેતા રહેવાસીઓ તેમજ આડોશી પાડોશીઓ તુરતજ બહાર નીકળી ગયા હતા. સ્થાનિક કોર્પોરેટર જેનબબેન ખફી ઘટના સ્થળે પહોંચી ગયા હતા, અને અન્ય લોકોને પણ સલામત રીતે બહાર કઢાવી દીધા હતા, ત્યારબાદ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર શાખાની ટુકડીએ પણ સમયસર ઘટના સ્થળે પહોંચી જઈ આગને બુજાવી હતી, પરંતુ એક માત્ર મકાનને વધારે નુકસાની થઈ હતી. જ્યારે અન્ય બે મકાનોમાં સામાન્ય નુકશાની થઈ છે. ફાયર બ્રિગેડે સમયસર આગ બુઝાવી દીધી હોવાથી વધુ નુકસાની અટકી ગઈ હતી.

# સાંસદ પૂનમબેન દ્વારા સવા લાખથી વધુ બાળાઓને ગરબીઓમાં લ્હાણી વિતરણ






## ૩૦૦૦ થી વધુ ગરબીઓમાં બાળાઓને લ્હાણી અપાઇઃ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગામ-શહેર-નગરમા નવદુર્ગા સમાન બાળાઓની શક્તિની ભક્તિના સન્માનનો સાંસદ અવિરત સ્તુત્ય પ્રયાસ

જામનગરઃ શિક્ષણ, આરોગ્ય, ગૌસેવા તેમજ જનસેવાના અનેકવિધ પ્રકલ્પો સાથે દાયકાથી પણ વધુ સમયથી કાર્યરત જામનગરના સ્વ.એચ. આર.માડમ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા પ્રમુખ અને સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમના નેજા હેઠળ સેવાકાર્યની સતત સરવાણી વહે છે સાથે સન્માન અને આરાધનાનો સમન્વય પણ કરવામા આવે છે અને દરેક સુધી સેવા પહોંચે તે માટે દરેક પંથકના આગેવાનો હોદેદારો કાર્યકર્તાઓ સ્વયંસેવકો સેવા સંસ્થાઓ ગ્રામજનો નગરજનો સહિત સૌ ઉત્સાહ પુર્વક જીલ્લાના પ્રજાજનો સુધી-જન-જન સુધી સેવા અને સન્માન પહોંચાડવા માટે સતત કાર્યશીલ છે. ટ્રસ્ટની આ સદભાવનાનો વ્યાપ વધારતા જ રહ્યા છે ત્યાર દર વર્ષની જેમ આ વખતે વિવિધ ગરબીઓની બાળાઓને ભકિતભાવ પુર્વક લ્હાણી વિતરણથી સંસદસભ્ય શ્રી પૂનમબેન ના નેજા હેઠળ એક પ્રકારના ભાવપુર્ણ આરાધના યજ્ઞ સમાન કાર્ય સાકાર થયુ હતુ અને બાળાઓ તેમજ ગરબીના આયોજકો એ આ સદકાર્યને શકિતની ભકિત સમાન નુ ધર્મકાર્ય ગણાવ્યુ હતું.

દર વર્ષની જેમ નવરાત્રીના પાવન પર્વ નિમિતે માઁ જગદંબા સ્વરૂપ નાની બાળાઓ જે ગામ નગર શહેરની ગલી, મહોલ્લા તથા સંસ્થાઓની ગરબે રમતી હોય છે તે બાળાઓને પ્રોત્સાહિત કરવા અને ભકિતમય વાતાવરણ ને આદર આપવા માટે સ્વ.એચ.આર.માડમ મેમોરીયલ ટ્રસ્ટ જામનગરના પ્રમુખ પુનમબેન માડમ દ્વારા જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાઓની આશરે ત્રણ હજારથી વધુ ગરબીઓમાં એક લાખ પાત્રીસ હજારથી વધુ બાળાઓને લ્હાણીનું વિતરણ કરવામા આવ્યુ હતુ.

શકિત આરાધના માટે જ્યારે નવદુર્ગા સમાન બાળાઓ ગરબે ઘૂમતી હોય છે તેમને લ્હાણી વિતરણ એ નારી શક્તિનુ સન્માન છે તેવા પ્રેરક બળ સાથે સંસદસભ્ય પૂનમબેન માડમ દર એ શક્તિ સ્વરૂપા બાળાઓનુ ભાવસભર સન્માન કર્યુ હતુ. આ રીતે લ્હાણી વિતરણ ખરા અર્થમા પ્રસાદ સમાન વિતરણ સમગ્ર સંસદીય વિસ્તારમા કર્યુ જેમા સૌ ભાવપુર્વક જોડાયા હતા અને આ ભવ્ય સેવા સન્માન યજ્ઞ ને સફળ બનાવ્યો હતો સાથે સુદ્રઢ આયોજન થી સમગ્ર સંસ્કૃતિ ઉજાગરનો પ્રકલ્પ દીપી ઉઠયાના પ્રતિભાવો છેવાડાના ગામ છેવાડાના વિસ્તારમાંથી મળ્યા છે.

ઉલ્લેખનીય છે કે જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાઓ ના તમામ ગામો નગરોના તાલુકા, જીલ્લા પંચાયતના સદસ્યો, સંગઠનના હોદેદારો, ગરબી સંચાલકો અને વોર્ડ પ્રમુખ, નગરસેવક આગેવાનો સેવાભાવી ભાઈઓ બહેનો યુવાનો વડીલો સૌ દ્વારા લ્હાણી વિતરણ ના સમગ્ર આયોજન માટે પ્રસંશનીય જહેમત ઉઠાવવામા આવી હતી અને લ્હાણીનું વિતરણ સુવ્યવસ્થિત કરવામાં આવેલ તે અંગે સંસદસભ્ય શ્રી પૂનમબેન એ સૌની સમર્પિત સેવાઓને બિરદાવી હતી અને વિતરણ વ્યવસ્થા માં સહયોગી સૌ નો ખૂબ ખૂબ આભાર પણ માન્યો હતો.

# જામનગર જિલ્લામાં ફટાકડા ફોડવા અને વેચાણ અંગે જાહેરનામું બહાર પડાયું

## દ્વિવાળીના તહેવાર દરમિયાન રાત્રે ૮ થી ૧૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે

જામનગરઃ દિવાળીના તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે જામનગર જિલ્લામાં ફટાકડા ખરીદ, વેચાણ તથા તેના ઉપયોગ પર નિયંત્રણ મૂકવું જરૂરી જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભાવેશ એન ખેર દ્વારા જાહરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા મુજબ દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૨૦:૦૦ થી ૨૨:૦૦ કલાક સુધી જ ફોડી શકાશે.સિરીઝમાં જોડાયેલા ફટાકડા થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકશે નહિ, ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકશે નહી.હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે દ્વારા એવા અધિકૃત માન્ય ફટાકડાના દરેક બોક્સ ઉપર થી સુચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે.

હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ડ ઝોન તરીકે ગણવામાં આવે છે અને ત્યાં કોઈપણ પ્રકારના ટાકડા ફોડી શકાશે નહીં.કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહીં. ઈ-કોમર્સ વેબસાઈટ ફલીપકાર્ટ, એમેઝોન સહીતની કોઈપણ ઈ-કોમર્સ વેબ સાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકાશે નહી. લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જામનગર જિલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી., બોટીંગ પ્લાન્ટ, એલ.પી.જી.ગેસના સ્ટોરેજ કે અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોડાઉનની નજીક ફટાકડા/દારૂખાનું ફોડી શકાશે નહીં. કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુકકલ/ આતશબાજી બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાળી શકાશે નહી. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓએ કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમકોર્ટના તા.૨૩/૧૦/ ૨૦૧૮ ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે. ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવે છે તથા ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી..

### ઈશ્વરનું અસ્તિત્વ !

ભગવાનના સ્મરણથી તમામ કષ્ટે અને સમસ્યાઓનું નિદાન સંભવ છે, તે ઔષધિ સમાન છે. સાચા મનથી, પવિત્ર હૃદયથી પ્રભુને કરવામાં આવેલું નિવેદન વ્યર્થ ન હોઈ શકે. સંસારમાં અત્યાર સુધી જેટલા ભક્ત થયા છે, તેમનો એ જ અનુભવ છે કે ભગવાનનું સ્મરણ સમસ્ત વિકારોનું હરણ કરવામાં સક્ષમ છે. તેથી સાધારણમાં સાધારણ વ્યક્તિ પણ આજ યુક્તિથી પોતાના જીવનનો ઉદ્દ્ઘાર કરી શકે છે. ભગવાનના નામના સ્મરણ દ્વારા પરમ પદ પણ પ્રાપ્ત કરી શકાય છે, તેમાં શંકા નહીં. આ મોક્ષનું દ્વાર છે અને આ લૌકિક યુગમાં તપશ્ચર્યાની જેમ સુગમ માર્ગનું દર્શન પણ છે. પ્રભુનું નિરંતર સ્મરણ કરવું કોઈ કઠિન વિષય નથી. આ લોકમાં અન્ય વિષયો સાથે જ ભગવાનનું સ્મરણ કરતા રહેવામાં કોઈ અડચણ નહીં. પૃથ્વી પર જન્મ બાદ પરમ ઉદ્દેશ્યને ધારણ કરવો મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. પોતાના કર્તવ્યથી વિમુખ થઈને માનવ માત્ર અંધકારમાં ભટકે છે અને લાખો યોનિઓમાં જન્મ લઈને કષ્ટે ભોગવતો ફરે છે. તેથી તમામ ભક્તજનોને પોતાના જીવનમાં પરિવર્તન કરવું પડશે. ભગવાન નામ સ્મરણથી મહાશક્તિનો પ્રભાવ ઉત્પન્ન થાય છે, જે મહાન કાર્ય માટે પ્રેરિત કરે છે. જે મહાપુરુષોએ મહાન લ-ય પામ્યા છે, તેઓ અવશ્ય પ્રભુની નજીક રહીને આગળ વધતા ગયા. કોઈપણ અવસ્થામાં ઈશ્વરનું સ્મરણ કરવું શ્રેષ્ઠ યોગ છે. ગૃહસ્થ લોકોના જીવનને આલોકિત કરવાનો સરળ ઉપાય આ જ સિદ્દિઘ સૂત્રનું અનુશીલન છે. સંભવતઃ લોકોને ખબર નહિ હોય કે પ્રભુના સ્મરણ માત્રથી સમસ્ત સંતાપોનું શમન થાય છે. આ પ્રકૃતિની સૌથી સરળ અને સહજ પ્રક્રિયા છે.

# જામનગર અને દેવભૂમિ દ્વારકામાં ટી.બી. ના દર્દીઓ માટે નયારા એનર્જી દ્વારા ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ યોજાયો

## આ પહેલ હેઠળ ટી.બી. ધરાવતાં ૮૦-૯૦ ટકા પુખ્તો અને બાળકોનાં વજનમાં વધારો નોંધાયો

જામનગરઃ ઈન્ટરનેશનલ ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની નયારા એનર્જીની ન્યુટ્રિશન સપોર્ટ પહેલને કારણે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ટીબી દર્દીઓને મોટો લાભ થયો છે.

૨૦૧૮ માં નયારા એનર્જીએ રાષ્ટ્રીય ક્ષય નાબૂદી કાર્યક્રમ હેઠળ ગુજરાત સરકારના સહયોગથી ન્યુટ્રિશન સપોર્ટ ઈનિશિયેટિવની શરૂઆત કરી હતી. ભારતમાં ટીબીના દર્દીઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો જેવા કે નિદાન અને સારવાર શરૂ કરવામાં થતા વિલંબ વગેરેને ઓળખી લઇ નયારા એનર્જીએ તેમની પુનઃ પ્રાપ્તિની સુવિધામાં પોષણની મહત્વપૂર્ણ ભૂમિકા સમજી હતી. આ પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય પુનઃ પ્રાપ્તિ પ્રક્રિયામાં મદદ કરવાનો અને રોગને થતો અટકાવવા અથવા તેના ફેલાવાને રોકવાનો હતો.



આ પહેલ ટીબી દર્દીઓ, ખાસ કરીને ઓછી આવક ધરાવતા પરિવારોનાં દર્દીઓની રિકવરીમાં પોષણનાં મહત્વને સમજે છે કારણ કે અપૂરતો આહાર અને જીવનની સ્થિતિ દર્દીઓ અને ડોકટર્સ બંનેનાં પડકારોને વધારી દે છે. આ પહેલ હેઠળ નાયરા એનર્જીએ ટીબી દર્દીઓ અને તેમનાં પરિવારજનોની ચોક્કસ પોષણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સરકારની મંજૂરી પ્રાપ્ત પોષણ શાસ્ત્રીઓનાં માર્ગદર્શન સાથે કાળજીપૂર્વક ન્યુટ્રીશન કિટ તૈયાર કરવામાં આવી હતી.

આ ન્યુટ્રીશન કિટ ચોખા, વિવિધ અનાજનો લોટ, વટાણા, ચણા, દાળ, મગફળીનું તેલ, ઓર્ગેનિક ગોળ અને અન્ય જરૂરી ચીજોનો સમાવેશ થાય છે. આ ન્યુટ્રીશન કિટનો મુખ્ય હેતુ ટીબી, ગરીબી અને કુપોષણ વચ્ચેનાં પરસ્પર સંબંધોને તોડવાનો છે. પોષ્ટિક તત્વોથી ભરપૂર અને વધુ કેલરી ધરાવતા અનાજની વૈવિધ્યસભર રેન્જ ઓફર કરીને આ હાંસલ કરી શકાય છે. આરોગ્ય પર અસર સુધારવા અને ટીબી તથા ગરીબી સાથે સંકળાયેલા કુપોષણનાં ચક્રને તોડવા માટે આ કિટ તૈયાર કરવામાં આવી છે.

પહેલની સફળતા અને તેને મળેલી પ્રશંસા અંગે ટિપ્પણી કરતા નયારા એનર્જીનાં પ્રેસિડન્ટ (પબ્લિક અફેર્સ) દીપક અરોરાએ જણાવ્યું હતું કે, આ ફ્લેગશિપ સ્કીમ અમે જે સમુદાય સાથે કામ કરીએ છીએ તેની સુખાકારી સુનિશ્ચિત કરવા અમારી મુખ્ય પ્રતિબદ્ધતાનો હિસ્સો છે. બંને જિલ્લાઓમાં અસરગ્રસ્ત દર્દીઓનાં જીવન પર પડતી સકારાત્મક અસર અમને વધુ પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કરે છે અને તે નયારાની ચોક્સાઈપૂર્વકની પ્રોગ્રામ ડિઝાઈન, સુનિયોજીત અમલીકરણ, કરૂણાપૂર્ણ અભિગમ અને જોડાણની અસરકારકતાનું પ્રતિબિંબ છે.

આ પહેલ જિલ્લામાં ટીબી દર્દીની રિકવરીનાં પ્રયત્નોને ટેકો આપે છે. તેણે આશાસ્પદ પરિણામો આપ્યા છે. દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ૮૭ ટકા ટીબી દર્દીઓનાં વજનમાં વધારો થયો છે અને તેઓ ઝડપથી સાજા થયા છે. આ સુધારો પોષણને ટેકો, સાતત્યપૂર્ણ માર્ગદર્શન, પ્રગતિ પર દેખરેખ અને મેડિકલ કાળજીને આભારી છે. આવા દર્દીઓ ફરી બિમાર ન પડતા હોવાથી પોતાનાં સામાન્ય જીવન તરફ પાછા વળી શકે છે અને એ રીતે આ રોગમાંથી મુક્તિ મેળવીને સશક્ત બને છે, નયારા એનર્જીના ટી.બી. ન્યુટ્રીશન કાર્યક્રમની આકર્ષક સિધ્ધિઓ માટે ભારે પ્રશંસા થઈ છે. કંપની સામુદાયિક પરિવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવવા સમર્પિત છે અને તમામને ટી.બી. માંથી મુક્ત કરીને તંદુરસ્ત ભાવિનાં નિર્માણ માટે પ્રયત્નશીલ છે.

# જામનગર કોર્પોરેશનની વિવિધ સમિતિઓની રચનાઃ કેટલાક કોર્પોરેટરો નારાજ હોવાની ચર્ચા

જામનગરઃ જામનગર મહાનગરપાલિકા પેટા સમિતિ લીસ્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં પબ્લીક વર્કસ કમીટીમાં મુકેશભાઇ ગાંગજીભાઇ માતંગ, સોનલબેન યોગેશભાઇ કણજારીયા, અલ્કાબા વિક્રમસિંહ જાડેજા, પૃથ્વીરાજસિંહ ભરતસિંહ ઝાલા, ગોપાલભાઇ ગોરધનભાઇ સોરઠીયા, ધીરેનકુમાર પ્રતાપરાય મોનાણી, જેન્તીલાલ મગનલાલ ગોહિલ.

વોટર વર્કસ કમીટીમાં ધીરેનકુમાર પ્રતાપરાય મોનાણી, પ્રભાબેન કિશોરભાઇ ગોરેચા, જયરાજસિંહ અનોપસિંહ જાડેજા, સરોજબેન જયંતભાઇ વિરાણી, આશાબેન નટવરભાઇ રાઠોડ, પાર્થભાઇ હસમુખભાઇ જેઠવા, જીતેશભાઇ વિનોદભાઇ શીંગાળા.

સેનીટેશન કમીટીમાં જશુબા અનિરુદ્ધસિંહ ઝાલા, હર્ષાબેન હિનલભાઇ વિરસોડીયા, જયેન્દ્રભાઇ મહિપતસિંહ ઝાલા, પરાગભાઇ પોપટભાઇ પટેલ, મુકેશભાઇ ગાગજીભાઇ માતંગ, જેન્તીલાલ મગનલાલ ગોહિલ, શોભનાબેન રસીકભાઇ પઠાણ.

લાઇટ કમીટીમાં જયરાજસિંહ અનોપસિંહ જાડેજા, આશાબેન નટવરભાઇ રાઠોડ, પન્નાબેન રાજેન્દ્રભાઇ કટારીયા, તૃપ્તીબેન સુનિલકુમાર ખેતીયા, તરુણાબેન ભરતભાઇ પરમાર, ગીતાબા મહાવીરસિંહ જાડેજા, શારદાબેન ખીમજીભાઇ વિંઝુડા.

શહેરી ગરીબી સમાજ કલ્યાણ કમીટીમાં ગીતાબા મહાવીરસિંહ જાડેજા, શોભનાબેન રસીકભાઇ પઠાણ, કૃપાબેન આલાભાઇ ભારાઇ, પાર્થભાઇ હસમુખભાઇ જેઠવા, પ્રવિણાબેન જેરામભાઇ રૂપડીયા, લીલાબેન દિનેશભાઇ ભદ્રા, ભારતીબેન અશોકભાઇ ભંડેરી.

સ્લમ અપગ્રેડેશન કમીટીમાં જયેન્દ્રસિંહ મહિપતસિંહ ઝાલા, લીલાબેન દિનેશભાઇ ભદ્રા, જડીબેન નારણભાઇ સરવૈયા, પ્રભાબેન કિશોરભાઇ ગોરેચા, સોનલબેન યોગેશભાઇ કણજારીયા, હર્ષાબેન હિનલભાઇ વિરસોડીયા, બબીતાબેન મુકેશભાઇ લાલવાણી.

રમતગમત અને સાંસ્કૃતિક કમીટીમાં જીતેશભાઇ વિનોદભાઇ શીંગાળા, પ્રવિણાબેન જેરામભાઇ રૂપડીયા, પરાગભાઇ પોપટભાઇ પટેલ, જશુબા અનિરુદ્ધસિંહ ઝાલા, ધર્મીનાબેન ગુણવંતભાઇ સોઢા (બારડ), ધીરેનકુમાર પ્રતાપરાય મોનાણી, શારદાબેન ખીમજીભાઇ વિંઝુડા.

ટાઉનપ્લાનીંગ અને માર્કેટીંગ કમીટીમાં પરાગભાઇ પોપટભાઇ પટેલ, તૃપ્તીબેન સુનિલકુમાર ખેતીયા, જયરાજસિંહ અનોપસિંહ જાડેજા, ગોપાલભાઇ ગોરધનભાઇ સોરઠીયા, મુકેશભાઇ ગાગજીભાઇ માતંગ, લીલાબેન દિનેશભાઇ ભદ્રા, શોભનાબેન રસીકભાઇ પઠાણ.

આરોગ્ય અને ગાર્ડન કમીટીમાં અલ્કાબા વિક્રમસિંહ જાડેજા, બબીતાબેન મુકેશભાઇ લાલવાણી, જયેન્દ્રસિંહ મહિપતસિંહ ઝાલા, જડીબેન નારણભાઇ સરવૈયા, સરોજબેન જયંતભાઇ વિરાણી, હર્ષાબેન હિનલભાઇ વિરસોડીયા, તૃપ્તીબેન સુનિલકુમાર ખેતીયા.

ડ્રેનેજ કમીટીમાં જેન્તીલાલ મગનલાલ ગોહિલ, પન્નાબેન રાજેન્દ્રભાઇ કટારીયા, અલ્કાબા વિક્રમસિંહ જાડેજા, પૃથ્વીરાજસિંહ ભરતસિંહ ઝાલા, પ્રભાબેન કિશોરભાઇ ગોરેચા, સોનલબેન યોગેશભાઇ કણજારીયા, જીતેશભાઇ વિનોદભાઇ શીંગાળા.

વાહન કમીટીમાં ધર્મીનાબેન ગુણવંતભાઇ સોઢા, જડીબેન નારણભાઇ સરવૈયા, પન્નાબેન રાજેન્દ્રભાઇ કટારીયા, જશુબા અનિરુદ્ધસિંહ ઝાલા, તૃપ્તીબેન સુનિલકુમાર ખેતીયા, આશાબેન નટવરભાઇ રાઠોડ, ગીતાબા મહાવીરસિંહ જાડેજા.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક કમીટીમાં શારદાબેન ખીમજીભાઇ વિંઝુડા, ભારતીબેન અશોકભાઇ ભંડેરી, કૃપાબેન આલાભાઇ ભારાઇ, ધર્મીનાબેન ગુણવંતભાઇ સોઢા, ધીરેનકુમાર પ્રતાપરાય મોનાણી, પાર્થભાઇ હસમુખભાઇ જેઠવા, તરુણાબેન ભરતભાઇ પરમાર.

લીગલ કમીટીમાં પાર્થભાઇ હસમુખભાઇ જેઠવા,કૃપાબેન આલાભાઇ ભારાઇ, પરાગભાઇ પોપટભાઇ પટેલ, સરોજબેન જયંતભાઇ વિરાણી, પ્રવિણાબેન જેરામભાઇ રૂપડીયા, જીતેશભાઇ વિનોદભાઇ શીંગાળા, ભારતીબેન અશોકભાઇ ભંડેરી.

કોલેજ મેનેજમેન્ટ કમીટીમાં મેયરના હોદાની રૂએ, પ્રિન્સીપાલ, કોલેજ, સરોજબેન જયંતભાઇ વિરાણી, પાર્થભાઇ હસમુખભાઇ જેઠવા, ભારતીબેન અશોકભાઇ ભંડેરી, વિજયસિંહ જેઠવા, અશ્વિનભાઇ પંડયા.

સ્ટાફ સિલેકશન સમિતિમાં મેયર હોદાની રૂએ, ડે.મેયર હોદાની રૂએ, સ્ટે.કમીટી ચેરમેન હોદાની રૂએ, ગોપાલભાઇ ગોરધનભાઇ સોરઠીયા, પૃથ્વીરાજસિંહ ભરતસિંહ ઝાલા, શારદાબેન ખીમજીભાઇ વિંઝુડા, ધીરેનકુમાર પ્રતાપરાય મોનાણીની વરણી કરવામાં આવી છે.

# જામનગરમાં આજે ઇદ-એ ગૌષીયાની શાનદાર ઉજવણી કરાઇ







જામનગરમાં મોટા પીર એટલે કે મહેબુબ-એ-સુબ્હાની, કુત્બે રબ્બાની, શાહેજીલાની, પીરાને પીર દસ્તગીર હઝરત સૈયદ શેખ અબ્દુલ કાદીર જીલાની (ર.અ.) ગ્યારવી શરીફની આજે જામનગર સહિત ગુજરાતભરમાં શાનદાર ઉજવણી થઇ છે, કાલાવડ નાકા બહાર આવેલ અલસફા સોસાયટીમાં વહેલી સવારે મસ્જીદે અહેમદરઝાના ઇમામની આગેવાનીમાં ભવ્ય જુલુસ નિકળ્યુ હતું અને તેમાં હઝરત ગૌષે આઝમના બાલ મુબારકની ઝીયારત રાખવામાં આવી હતી અને શાન સાથે મુએ મુબારકને લઇ જવામાં આવ્યા હતા, આજે ઠેર ઠેર ગૌષે પાકની ન્યાઝ અને મજલીસના કાર્યક્રમો યોજાયા છે.

# દ્વારકાના ધારાસભ્યનું શિવ શિવ : ચાર કરોડની મર્સીડીઝ મેચબેક લઇને જશે વિધાનસભા





જામનગરઃ પોતાની વૈભવશાળી લાઇફ સ્ટાઇલ માટે જાણીતા દ્વારકાના ધારાસભ્ય શિવ શિવ એટલે કે પબુભા વિરમભા માણેકે રૂા. ચાર કરોડની જંગી કિંમતની મર્સીડીઝ મેયબેક કાર ખરીદી છે, જેમાં સ્વાભાવીક રીતે તેઓ ગુજરાત વિધાનસભા ભવનમાં જશે, આમ તો અગાઉ જામનગર-દ્વારકા જીલ્લામાં સાડા સાત કરોડની કિંમતની રોલ્સરોય કાર પણ આવી ચુકી છે, ખાસ કરીને જયારે પણ કોઇ કારના શોખીન કરોડોની કિંમતની કાર ખરીદે ત્યારે સ્વાભાવીક તેની ચર્ચા થતી હોય છે.

પબુભા માણેક વૈભવશાળી પરંતુ સિધ્ધાંતવાળી લાઇફ જીવવા માટે જાણીતા છે, તેઓ ધારાસભ્ય તરીકેનું પોતાનું વેતન લેતા નથી, આ ઉપરાંત પેટ્રોલ ખર્ચ પણ લેતા નથી, દ્વારકા જીલ્લામાં કદાચ પ્રથમ વખત કોઇએ કરોડોની કિંમતની કાર ખરીદી હોવાની ઘટના બની છે, દશેરાના દિવસે કારની ડીલીવરી લેવામાં આવી હતી.

અત્રે નોંધનીય છે કે, કેટલાક વર્ષ પહેલા જામનગરના જાણીતા લેન્ડ ડેવલોપર મેરામણભાઇ પરમારે રૂા. સાડા સાત કરોડની કિંમતની સૌરાષ્ટ્રની પ્રથમ રોલ્સરોય કાર ખરીદી હતી ત્યારે પણ કારના શોખીનોમાં ચર્ચા જાગી હતી, ત્યારે હવે દ્વારકાના ધારાસભ્યએ કારની દુનિયામાં શિવ શિવ કરીને કરોડોની કાર ખરીદી છે, આખા ઓખામંડળ પંથકમાં આ કાર જોવા માટે આકર્ષણ જાગ્યું છે.

'મારી માટી, મારો દેશ', 'માટીને નમન-વિરોને વંદન...'

# શહેરમાં અમૃત કળશ યાત્રાનું ભવ્ય સ્વાગતઃ શપથ ગ્રહણ કરાયા




## કોર્પોરેશનમાં કળશ યાત્રા રથનું સ્વાગત કરતાં મેયર-ધારાસભ્ય સહિતના પદાધિકારીઓ

જામનગરઃ જામનગર મહાનગરપાલિકા ખાતે ગઇકાલે અમૃત કળશ યાત્રાનો રથ મધ્યાહન બાદ પહોંચ્યો હતો, 'મારી માટી - મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત આ અમૃત કળશના રથનું કુમકુમ તિલક કરી મેયર વિનોદભાઇ ખીમસુર્યા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી સહિતના રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં બાલિકાઓના હસ્તે પૂજન વિધિ કરી કળશ અર્પણ કરવામાં આવ્યો હતો.

જામનગર મહાનગરપાલિકા ખાતે ગઇકાલે બપોરે 'મારી માટી - મારો દેશ', 'માટીને નમન-વીરોને વંદન' કાર્યક્રમ અંતર્ગત અમૃત કળશ યાત્રાના રથનું આગમન થયું હતું, મધ્યાહન બાદ આ રથયાત્રાના આગમન સમયે મેયર વિનોદભાઇ ખીમસુરીયા, ધારાસભ્ય દિવ્યેશભાઇ અકબરી સહિતના રાજકીય આગેવાનો, જામનગર મનપાના અધિકારીઓએ ઉપસ્થિત રહી બાલિકાઓના હસ્તે અમૃત કળશ યાત્રાના કળશનું કુમ કુમથી તિલક કરી અક્ષતથી વધાવી ૨ (બે) કળશ અમૃત કળશ યાત્રાના રથમાં અર્પણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં પદાધિકારીઓ-અધિકારીઓએ 'મારી માટી-મારો દેશ' નિમિત્તે શપથ ગ્રહણ કર્યા હતા, આ કાર્યક્રમમાં ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. કમિટીના ચેરમેન નિલેશભાઇ કગથરા, નેતા આશિષભાઇ જોશી, દંડક કેતનભાઇ નાખવા, આસિ. કમિશનર કોમલ પટેલ, આસિ. કમિશનર (ટેકસ) જીગ્નેશ નિર્મલ, સોલિડ વેસ્ટ અધિકારી મુકેશભાઇ વરણવા, શહેર ભાજપ અધ્યક્ષ ડો. વિમલભાઇ કગથરા, કોર્પોરેટર સુભાષભાઇ જોશી, પરાગભાઇ પટેલ, પાર્થભાઇ કોટડીયા, મુકેશભાઇ માતંગ, ડિમ્પલબેન રાવલ, પ્રભાબેન ગોરેચા, હર્ષાબા પી. જાડેજા, જસુબા ઝાલા સહિતના મનપાના કોર્પોરેટરો, જામનગર મહાનગરપાલિકાના અધિકારીગણ, કર્મચારીઓ સહિત બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહી અમૃત કળશ યાત્રા નિમિત્તે કળશ અર્પણ કરી શપથ ગ્રહણ કર્યા હતા.

# દ્વારકામાં સમાધાન માટે બોલાવીને યુવાન પર છરીબાજી

## એક પક્ષના ૬ અને બીજા પક્ષના ૪ સામે ગુનો નોંધાયો

ખંભાળિયાઃ દ્વારકામાં નાગેશ્વર વિસ્તારમાં રહેતા અનિલભા શિવુભા માણેક નામના ૨૫ વર્ષના હિન્દુ વાઘેર યુવાનના મામા મેરુભા વાલાભા માણેક સાથે આરોપીઓ પાલાભા લઘુભા માણેક (મૂળ રહે. મેવાસા અને હાલ દ્વારકા), જગાભા બાલુભા સુમણીયા, હિતેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ કેર અને રઘુવીરસિંહ સુરેન્દ્રસિંહ કેર સાથેના જુના મનદુઃખનો ખાર રાખીને ઉપરોક્ત આરોપીઓએ પૂર્વયોજિત કાવતરું રચીને ચારેય શખ્સો સાથે આવેલા અન્ય બે અજાણ્યા શખ્સોએ દ્વારકામાં ઈસ્કોન ગેટ પાસે મોડી રાત્રિના સમયે છરી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી અને તથા જાનથી મારી નાખવાની કોશિશ કરતા ફરિયાદી તથા તેમની સાથેના સાહેદ રણમલભા સુમણીયા નાસી છૂટ્યા હતા.

આગળ જતા બે અજાણ્યા શખ્સોએ લોખંડના પાઈપ વડે હુમલો કરી, બંનેને ઈજાઓ પહોંચાડતા આ પ્રકરણમાં અનિલભા સુમણીયાની ફરિયાદ પરથી દ્વારકા પોલીસે બે અજાણ્યા સહિત છ શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૩૦૭, ૧૨૦ (બી) ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

સામા પક્ષે મૂળ મેવાસા ગામના વતની અને હાલ દ્વારકામાં સરકારી અનાજના ગોડાઉન પાસે રહેતા પાલાભા માણેક (ઉ.વ. ૩૫) એ રણમલભા સામરાભા સુમણીયા તથા તેના ભાઈ ઉપરાંત બાબુ સામરાભા સુમણીયા અને અનિલ શિવુભા સુમણીયા તથા ઉદય ઉર્ફે ટોમીયો શિવુભા સુમણીયા સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તારીખ ૨૬ મીના રોજ રાતે સવા વાગ્યાના સમયે દ્વારકાના ઈસ્કોન ગેઈટ પાસે પાલાભાના મિત્ર સાથે આરોપીઓ બોલાચાલી કરી અને ગાળાગાળી કરી રહ્યા હતા.

અહીં આરોપીઓ પાસે છરી તથા લોખંડના પાઈપ જેવા હથિયારો હોવાથી વધુ ઝઘડો ન થાય તે માટે પાલાભા તથા તેના મિત્ર છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. પરંતુ આરોપીઓએ ઉશ્કેરાઈને લોખંડના પાઈપ તથા છરી વડે તેઓ ઉપર હુમલો કરી, ઢીકાપાટુનો માર મારી, ઈજાઓ પહોંચાડી હતી.

આ પ્રકરણમાં પોલીસે પાલાભા લઘુભા માણેકની ફરિયાદ પરથી તમામ ચાર શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ દ્વારકાના પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ભાટિયામાં બંધ મકાનમાં થયેલી ચોરીમાં બે શખ્સોને દબોચી લેતી રેલવે પોલીસ




ખંભાળીયાઃ ભાટિયાના આવેલા એક રહેણાંક મકાનમાં થયેલી ઘરફોડ ચોરીમાં રેલવે પોલીસે બે આરોપીઓને મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

આ પ્રકરણની રેલવે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ભાટિયાની રેલવે કોલોની વિસ્તારમાં ગત તારીખ ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ એક આસામીને ત્યાંથી ચાંદીના દાગીના તથા રોકડ સહિત કુલ રૂપિયા ૩૦,૦૦૦ જેટલા મુદ્દામાલની ચોરી થયાનો બનાવ ખુલવા પામ્યો હતો.

આ સંદર્ભે રાજકોટ ડિવિઝનના રેલવે પોલીસ મથકના વી.બી. રાયમા તથા ઈન્ચાર્જ પી.એસ.આઈ. સહદેવસિંહ ઝાલાની સૂચના મુજબ એ.એસ.આઈ ભરતસિંહ હનુભા, હેડ કોન્સ્ટેબલ ભીમશીભાઈ રામભાઈ અને ભરતભાઈ તથા જયેશભાઈ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત ચોરી પ્રકરણમાં હાલ જૂનાગઢના કાળવા ચોક વિસ્તારમાં રહેતા ભરત કારા સાવલીયા (ઉ.વ. ૧૯) અને રાજકોટ ખાતે રહેતા મદ્રાસી મુગ્વેલ ઉર્ફે મુકેશ પ્રિયાસ્વામી આદિતદ્રાવિડ (ઉ.વ. ૫૨) નામના બે શખ્સોને રેલવે પોલીસે અનુક્રમે દ્વારકા તથા રાજકોટથી ઝડપી લીધા હતા.

ઉપરોક્ત આરોપીઓ પાસેથી પોલીસે ચોરીના ચાંદીના દાગીના, રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન કબજે કરી, વધુ તપાસ હાથ ધરી છે. આ આરોપીઓને રેલવે પોલીસે અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલતે આરોપીઓને જામનગર જિલ્લા જેલ ખાતે મોકલી આપ્યા છે.

# ખંભાળિયામાં સેવા સંસ્થા દ્વારા બાળાઓને લ્હાણી વિતરણ





ખંભાળિયા પંથકમાં નયારા કંપનીની સી.એસ.આર. એક્ટિવિટીઝ દ્વારા ચલાવવામાં આવી રહેલા સ્વચ્છ હાલર કાર્યક્રમ અંતર્ગત સી.ટી.એસ.આઈ. અને ફિનિશ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ખંભાળિયા નગરપાલિકાને સાથે રાખીને હાલ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. જેના ભાગરૂપે બાળાઓ-વિદ્યાર્થીનીઓ પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ બંધ કરે અને તેનાથી સ્વાસ્થ્યને થતા નુકસાનથી બચી શકે તે હેતુથી ખંભાળિયા નગરપાલિકા આયોજિત ગરબીમાં તેમજ અહીંના વોર્ડ નંબર ૪ માં મચ્છુ માતા ગરબી મંડળમાં બાળાઓને સ્ટીલની પાણીની બોટલની લ્હાણી આપવામાં આવી હતી.

# જામજોધપુર માર્કેટીંગ યાર્ડ મતદાન શરૂ



## પૂર્વ મંત્રી, પૂર્વ ધારાસભ્ય અને ધારાસભ્યની પેનલો વચ્ચે જંગ

જામજોધપુરઃ જામજોધપુર માર્કેટીંગ યાર્ડની ચુટણીમાં ધીંગુ મતદાન ભારે રસાકસી ધારાસભ્ય તેમજ પૂર્વ ધારાસભ્ય તેમજ પૂર્વ મંત્રી તેમજ પૂર્વ ધારાસભ્યની પેનલ વચ્ચે રાજકીય જંગ જામ્યો છે.

જામજોધપુર માર્કેટીંગ યાર્ડની ચૂંટણીનું મતદાન આજે સવારે શરૂ થયું હતું અને શરૂઆતના તબક્કાથી જ સભ્યો પોતપોતાની પેનલના ઉમેદવારોને ચૂટવા માટે કતારો લાગી હતી.

જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં પૂર્વ મંત્રી ચીમનભાઈ શાપરીયા, પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજા, પૂર્વ ધારાસભ્ય ચિરાગભાઈ કાલરીયા તેમજ આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય હેમંતભાઈ ખવાની પેનલો વચ્ચે જંગ જામ્યો છે. આવતીકાલે આ ચૂંટણીનું પરિણામ જાહેર થશે.

# ભોઈવાડા ખાતે ઉર્ષનો કાર્યક્રમ

જામનગરઃ જામનગરના શાક માર્કેટ ભોઈવાડા પાસે ટાંકના ડેલામાં આવેલ કોમી એકતાના પ્રતિક એવા માઈ મીસરા માઈ મરીયમ બીબી માઈ સાહેબમાંનો ઉર્ષ તા. ૧-૧૧ ના રોજ બપોરે ૪ વાગ્યે ઉજવવામાં આવશે જેમા તા. ૨-૧૧ના રોજ આમ ન્યાજ રાખેલ છે તો સર્વે હિન્દુ મુસ્લીમ ભાઈઓ તથા બહેનોએ ઉપસ્થીત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગરમાં અમૃત કળશ યાત્રા રથનું સ્વાગત કરી કુમકુમ તિલક કરાયું







તસ્વીરઃ જીતુ સોલંકી

જામનગર મહાનગરપાલિકા ખાતે ગઈકાલે અમૃત કળશ યાત્રાનો રથ મધ્યાહન બાદ પહોંચ્યો હતો, 'મારી માટી - મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત આ અમૃત કળશના રથનું કુમકુમ તિલક કરી મેયર વિનોદભાઈ ખીમસુર્યા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી ઉપરાંત ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, નેતા આશિષભાઈ જોશી, દંડક કેતનભાઈ નાખવા, આસિ. કમિશનર કોમલ પટેલ, આસિ. કમિશનર (ટેક્સ) જીગ્નેશ નિર્મલ, સોલિડ વેસ્ટ અધિકારી મુકેશભાઈ વરણવા, શહેર ભાજપ અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, કોર્પોરેટર સુભાષભાઈ જોશી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# લાખાબાવળના નાળિયેરી જમીન પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ પગલાં લેવાશેઃ કલેક્ટર

## હેતુફેર કરીને કિંમતી જમીનમાં એક રાજકીય ઓથ ધરાવતાં બિલ્ડરે મોટો ખેલ પાડ્યો હોવાની હકિકતો

જામનગરઃ ખૂબ ઝડપથી વિકસીત થઈ રહેલાં જામનગર-ખંભાળીયા રોડ પર જમીનોની કિંમત આસમાને પહોંચી રહી છે ત્યારે લાખાબાવળના ચોક્કસ સર્વે નંબરમાં ફુલ-ઝાડ અને નાળિયેરીના વાવેતરના હેતુ માટે સરકાર દ્વારા અપાયેલી જમીનને હેતુ ફેર કરાવીને મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની કથિત વિગતો પ્રકાશિત થયા બાદ આજે જામનગરના જિલ્લા કલેક્ટર બી.એ. શાહ સાથે આજકાલ દ્વારા વાતચીત કરવામાં આવતાં એમણે કહ્યું હતું કે, આ જમીન સંબંધેની ફાઈલોનો સૌપ્રથમ અભ્યાસ કરવામાં આવશે અને જરુર જણાયે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, લાખાબાવળમાં કરોડોની જમીન પર ખેલ પાડવામાં આવ્યો હોવાની જે વિગતો ચર્ચાઈ રહી છે તેમાં, રાજકીય ઓથ ધરાવતાં નાનું કદ પણ મોટું નામવાળા એક બિલ્ડર અને તેની સાથે કેટલાંક મોટા માથા પ્રકરણમાં સામેલ હોવાનું કહેવાય રહ્યું છે, આ પ્રકરણ સંબંધે જિલ્લા કલેક્ટર તપાસ કર્યા બાદ શું પગલાં લે છે...? તેના પર સૌની મીટ મંડાઈ રહી છે.


જિલ્લા કલેક્ટરે વધુમાં કહ્યું હતું કે, આ સમગ્ર પ્રકરણમાં હકીકત શું છે...? તે અંગે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે, આ પ્રકરણમાં મ્યુ. કમિશ્નરની કોઈ ભૂમિકા હોતી નથી, કારણ કે તેમના કાર્યક્ષેત્રમાં આવતું નથી, ત્યારે હાલ તો સમગ્ર પ્રકરણ અંગે તમામ પાસાની તપાસ કરવામાં આવી રહી છે.

જાણવા મળતી માહિતી મુજબ લાખાબાવળમાં આવેલા કેટલાંક સર્વે નંબરની જુની નોંધમાં, નાળીયેરી વાવેતર હેતુ માટેની જમીન આપવામાં આવી હોવાનું ખૂલ્યું છે, જેને હેતુફેર કરાવીને એક જાણીતા બિલ્ડરે બીનખેતી કરાવી લીધાના આક્ષેપ પણ થઈ રહ્યા છે, ફુલઝાડના હેતુ માટેની જમીન બીનખેતી થઈ અને તેનું વેંચાણ પણ થઈ રહ્યું હોવાની વિગતો ધીરે ધીરે ખુલી રહી છે, જો કે, આ સમગ્ર પ્રકરણમાં હાલ તો બીજું કોઈ બોલવા-કહેવા તૈયાર નથી.

લાખાબાવળના આ જમીન પ્રકરણ અંગે હાલ તો ધીરે-ધીરે તપાસ થઈ રહી છે, આગામી દિવસોમાં તેના કેવા પડઘાં પડશે...? તેના પર બધાંની નજર છે, પરંતુ કલેક્ટરના જણાવ્યા મુજબ આ જમીન પ્રકરણ કલેક્ટરના કાર્યક્ષેત્રમાં આવે છે અને તેમાં મ્યુ. કમિશ્નરને કોઈપણ જાતના લેવા-દેવા નથી, આમ લાખાબાવળ જમીન પ્રકરણે જિલ્લાભરમાં ભારે ચર્ચા જગાવી છે.

# ધ્રોલમાં પત્નીની હત્યા કરનાર પતિ પાસે હથિયાર અને કાર્ટીઝ કબ્જે





તસ્વીરઃ જીતુ સોલંકી

## મર્ડરના ગુનામાં સંડોવણી ખુલ્લી

જામનગરઃ ધ્રોલ તાલુકાના વાગુદડ ગામમાં પરપ્રાંતિય શ્રમીક મહિલાની હત્યા કરીને ભાગી છૂટેલો તેનો પતિ જાયવા ગામની સીમમાંથી ઝડપાયો છે. જેના ઘરની તલાસી દરમિયાન એક પિસ્ટલ અને કાર્ટીઝ મળી આવી છે. જે કબજે કરી લઈ તેની સામે અલગથી ગુનો નોંધ્યો છે.

ધ્રોલમાં હત્યાનો બનાવ સામે આવતા જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, ગ્રામ્ય ડીવાયએસપી ડી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ધ્રોલ સીપીઆઈ એમ.બી. ગજજરના સુપરવિઝન હેઠળ ધ્રોલ પીએસઆઈ પી.જી. પનારા અને સ્ટાફ દ્વારા સઘન તપાસ આદરી હતી. ધ્રોલ તાલુકાના વાગુદડ ગામની સીમમાં એક ખેડૂતની વાડીમાં રહીને મજૂરી કામ કરતી હુગરીબેન વાસકેલીયા નામની મહિલાની તેના પતિ સરદાર વાસ્કેલીયા દ્વારા ચારિત્રની શંકાના આધારે ગળાના ભાગે ધારિયાનો ઘા ઝીંકી દઈ હત્યા નિપજાવી હતી, અને ભાગી છુટ્યો હતો. દરમ્યાન અલગ અલગ ટીમ બનાવીને સ્ટાફના હેડ કોન્સ. ડી.પી. વઘોરાને ખાનગી રાહે બાતમી મળી હતી કે જે ફરારી આરોપી સરદાર જાયવા સીમ આશાપુરા હોટલ સામે આવેલ છે જે હકીકત આધારે પોલીસે જાયવા ગામની સીમમાંથી ઝડપી લીધો છે, અને તેની પાસેથી હત્યામાં વપરાયેલું ધારીયું કબજે કર્યું છે.

પોલીસ દ્વારા તેની ઘરની તલાસી લેવામાં આવી હતી, જે તલાસી દરમિયાન તેના મકાનમાંથી એક પિસ્તોલ મળી આવી હતી. જે પિસ્તોલ પણ પોલીસ દ્વારા કબજે કરી લેવામાં આવી છે, અને આરોપી સામે અલગથી કેસ કરવામાં આવ્યો છે.

જે હથીયાર અંગેની પૂછપરછ દરમિયાન પોતે બિહારમાંથી આ હથિયાર લાવ્યો હોવાનું અને દિલીપ રાયશીંગ ભીલ નામના સ્થાનિક શખ્સ પાસેથી હથીયાર મેળવ્યું હોવાથી ધ્રોલ પોલીસે બિહારના શખ્સને ફરારી જાહેર કર્યો છે, અને તપાસનો દોર બિહાર સુધી લંબાવ્યો છે.

આરોપી સરદાર જુરાવરએ પોલીસની પુછપરછમાં હત્યાના ગુનાની કબુલાત કરી હતી અને આરોપીની આગવી ઢબે પુછપરછ કરતા આરોપી વિરુધ્ધ અગાઉ મર્ડરનો ગુનો દાખલ થયો હતો, તેને દુશ્મનાવટ ચાલતી હોય જેથી એક બંદુક લીધી હતી અને ધ્રોલ ખાતે વાડીએ સંતાડી રાખી હતી આથી પોલીસની તપાસમાં આ હથિયાર કબ્જે લેવામાં આવ્યું છે.

# કાલાવડ નાકા બહાર કપાતની જમીનમાં દુકાન, ઓટા, પાણીનો બોર બનાવ્યાઃ શહેરમાં ચકચાર

## જામનગરના કોર્પોરેટર સહિત ત્રણ સામે લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ

જામનગરઃ જામનગરના કાલાવડ નાકા બહાર રોડ કપાતની જમીનમાં દુકાન, ઓટાનું ચણતર કરી અને પાણીનો બોર કરીને જમીન પચાવી પાડયાની વિગતો સામે આવતા આ મામલે આ વિસ્તારના કોર્પોરેટર સહિત ત્રણ સામે લેન્ડગ્રેબીંગ હેઠળ ગુનો દાખલ કરવામાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. ફરીયાદના આધારે પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતીમાન કરવામાં આવ્યા છે.

જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં આવેલ દિવ્યમપાર્ક સોસાયટી વિસ્તારમાં રહેતા અને જામ્યુકોના એસ્ટેટ વિભાગના અધિકારી નિતીનકુમાર દીક્ષીત દ્વારા ગઈકાલે સીટી-એમાં જામનગરના કાલાવડ નાકા બહાર તાહેરી સ્કુલ ની સામે રહેતા, સીદી હાજી મેતર, કાદર હાજી મેતર અને પટણીવાડમાં રહેતા કોર્પોરેટર અસલમ કરીમ ખીલજી આ ત્રણ તથા તપાસમાં જે નામ ખુલે તેની સામે ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ અધિનીયમ ૨૦૨૦ની કલમ ૪, (૩), ૫ (ગ) મુજબ ફરીયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત મુજબ જામનગર કાલાવડ નાકા બહાર સીટી સર્વે નં. ૧૧૫વાળી જમીનના કબ્જેદાર હાજી આદમની દુકાન ૩૦ ચો.મી.ની દરબારગઢ નાકાથી પાંચહાટડી ચોક સુધીનો રોડ ૧૮ મીટર પહોળો કરવા માટે જામનગર મહાનગરપાલીકાએ ગત તા. ૨૫-૫-૨૦૦૫થી આ દુકાન રોડ કપાતમાં આવતા સંપાદન કરી હતી.

સંપાદન કરી ૧૮ મીટર રોડ પહોળો કરાવેલ હતો, ત્યાં આ કામના તહોમતદારોએ રોડ સંપાદનમાં ગયેલ જમીન પર દુકાન બનાવી રોડ પર છાપરા કાઢી ચા-પાણીના ઓટાનું પાકુ ચણતર કરી ઉપરાંત રોડ પર પાણીનો બોર બનાવી ૧૦ ચો.મી. કિ. રૂા. ૩.૬૦.૦૦૦ની કિંમતી જમીન પચાવી પાડી ગુનો કર્યો હતો.

સીટી-એમાં લેન્ડ ગ્રેબીંગ હેઠળ કોંગી કોર્પોરેટર સહિતના ૩ સામે વિધીવત ગુનો દાખલ થતા ચકચાર ફેલાઈ જવા પામી છે આ અંગેની તપાસ જામનગર ડીવાયએસપી જે.એન. ઝાલા ચલાવી રહયા છે, અત્રે ઉલ્લેખનીય છે કે ભુતકાળમાં અને ગત મહીનામાં લેન્ડ ગ્રેબીંગ હેઠળ ગુના નોંધાઈ ચુકયા છે, કિંમતી જમીનો પચાવી પાડવી તેમજ મકાનો પર કબ્જો જમાવી ખાલી નહીં કરવા જેવી થોકબંધ અરજીઓ લેન્ડ ગ્રેબીંગ સમિતી સમક્ષ કરવામાં આવી હતી, આ અરજીઓના આધારે કમિટી દ્વારા તપાસના આદેશો આપવામાં આવ છે અને તપાસ બાદ વિગતોની ખરાઈ કરી બાબત જણાઈ આવે તો વિધિવત ફરીયાદો દાખલ થાય છે.

# જામનગરમાં મર્ડર કેસમાં પેરોલ જમ્પ કરનાર પકડાયો

## એક વર્ષથી ફરાર આરોપીને એલસીબીએ પકડી રાજકોટ જેલમાં ધકેલ્યો

જામનગરઃ જામનગરમાં એલસીબીની ટુકડીએ હત્યાના ગુનામાં પેરોલ જમ્પ કરનાર આરોપીને પકડી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમારએ જામનગર જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સૂચના આપેલ હોય, જેથી જામનગર પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ જામનગર જીલ્લાના ગુનાઓમા નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢવા એલ.સી.બી. પો.ઈન્સ. જે.વી.ચૌધરી નાઓને સુચના આપેલ હોય જેથી પો.ઈન્સના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઈ. આર.કે.કરમટા, પો.સ.ઈ. એસ.પી.ગોહિલ તથા પો.સ.ઈ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર જીલ્લાના નાસતા ફરતા તથા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા.

દરમ્યાન સ્ટાફના હરદીપભાઈ બારડ,કાસમ બ્લોચ તથા હરદીપભાઈ ધાધલને મળેલ હકિકત આધારે જામનગર સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ઈ.પી.કો. કલમ-૩૦૨,૩૨૫,૩૨૪ વિગેરેના કામે રાજકોટ મધ્યસ્થ જેલ માંથી વચગાળાના જામીન પરથી ફરાર થયેલ પાકા કામના કેદી નં.- કેદી નં.-૪૫૯૭૭ ચંદ્રેશ ઉર્ફે ચંદુ મનસુખ ગોહિલ રાવળદેવ રહે. વુલનમીલ, એરોડ્રામ રોડ, ખેતીવાડી રાવળદેવવાસ, જામનગર વાળાને વુલનમીલ મહાકાળી સર્કલ પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપવા સીટી સી ડીવી પો.સ્ટે. ને સોપી આપેલ છે.

આરોપી સામે સીટી-એમાં ૪ ગુના, સીટી-બીમાં ૩, સીટી-સીમાં ૨ અને પોરબંદર કમલા બાગ પોલીસ સ્ટેશનમાં ૨ મળી કુલ ૧૧ ગુનામાં સંડોવાયેલો છે.

# નંદનવન પાસે ગોડાઉનમાં આગ



તસ્વીરઃ જીતુ સોલંકી



જામનગર શહેરના નંદનવન શાળા નં. ૨૧ની સામે આવેલા બંધ ગોડાઉનમાં આજે અચાનક આગ લાગતા નાશભાગ મચી ગઈ હતી, આજુબાજુના લોકો એકત્ર થઈ ગયા હતા, ફાયર બ્રિગેડની ટુકડીએ સ્થળ પર આવી પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લીધી હતી.

# જામનગરમાં ચોરાઉ બાઈક સાથે એકની અટકાયત



જામનગરઃ જામનગરના ગુલાબનગર વિસ્તારમાંથી એક શખ્સને ચોરાઉ બાઈક સાથે સીટી-એ પોલીસે પકડી લીધો હતો.

જામનગરના સીટી-એ પીઆઈ એન.એ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.એસ. વાળા અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે એએસઆઈ કે.પી. જાડેજા તથા કોન્સ. ખોડુભા જાડેજાને સંયુકત બાતમી મળી હતી કે ચોરીમાં ગયેલ સ્પ્લેન્ડર લઈને એક શખ્સ ત્રિમંદીર તરફ જઈ રહયો છે, જે બાતમી અને વર્ણનના આધારે સીટી-એ પોલીસની ટુકડી તપાસ કરી હાલ ખંઢેરા પાટીયે અને મુળ ગુલાબનગરના અજય ઉર્ફે ટીપુ મુકેશ પરમાર નામના શખ્સને પકડી લીધો હતો. તેની પાસેથી સ્પ્લેન્ડર બાઈક નં. જીજે૧૦બીકે-૭૬૮૦ કબ્જે કર્યુ હતું, પુછપરછમાં સીટી-એ ડીવીઝન વિસ્તારમાંથી વાહનચોરી કર્યાનું સામે આવતા ગુનો ડીટેકટ કરવામાં આવ્યો હતો.

# રામનગરના વૃદ્ધનું હૃદયરોગના હુમલાના કારણે મૃત્યુ

ખંભાળિયાઃ ખંભાળિયાના રામનગર વિસ્તારમાં રહેતા ગોવિંદભાઈ રણમલભાઈ નકુમ નામના વૃદ્ધને વહેલી સવારના સમયે હૃદયરોગનો જીવલેણ હુમલો આવી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની જાણ કિશોરભાઈ ગોવિંદભાઈ નકુમ (ઉ.વ. ૪૦) એ અહીંની પોલીસને કરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com